# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 24.05.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

*****************************************************

1) વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આજે નવી દિલ્હીમાં અમેરિકના વિદેશ મંત્રી માર્કો રુબિયો સાથે દ્વિપક્ષીય બેઠક કરશે.

2) સરકારે વ્યાપક જાહેર પરામર્શ માટે વિકસિત ભારત VB-G RAM G અધિનિયમ 2025 હેઠળ મુસદ્દા નિયમો પ્રકાશિત કર્યા.

3) TCS સુવિધા સંબંધિત જાતીય સતામણી અને ધર્માંતરણ કેસમાં SIT એ મહારાષ્ટ્રની નાસિક અદાલતમાં 1500 પાનાની ચાર્જશીટ દાખલ કરી.

4) અમેરિકામાં સાંસદો અને ઇમિગ્રેશન અધિકાર કાર્યકરોએ ટ્રમ્પ વહીવટીતંત્રની નવી ગ્રીન કાર્ડ નીતિની આકરી ટીકા કરી.

5) IPL ક્રિકેટમાં પંજાબ કિંગ્સે લખનઉ સુપર જાયન્ટ્સને ૭ વિકેટે હરાવ્યું.

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# JAYSHANKAR – RUBIO

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આજે નવી દિલ્હીમાં હૈદરાબાદ હાઉસ ખાતે અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયો સાથે દ્વિપક્ષીય બેઠક કરશે. તેઓ પ્રાદેશિક અને વૈશ્વિક શાંતિ અને સુરક્ષા સંબંધિત મુદ્દાઓ સહિત વિવિધ વિષયો પર ચર્ચા કરશે.

શ્રી રુબિયો ગઈકાલે ક્વાડ વિદેશ મંત્રીઓની બેઠકમાં હાજરી આપવા માટે ચાર દિવસની મુલાકાતે ભારત પહોંચ્યા હતા. તેઓએ ગઈકાલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી અને તેમને સંરક્ષણ, વ્યૂહાત્મક ટેકનોલોજી, વેપાર અને રોકાણ અને ઉર્જા સુરક્ષા સહિત વિવિધ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગમાં પ્રગતિ વિશે માહિતી આપી હતી. ઉલ્લેખનીય છે કે ક્વાડ વિદેશ મંત્રીઓની બેઠક 26 મેના રોજ યોજાશે.

સાંભળીએ એક અહેવાલ..........

## VC- MUKESH-QUAD

# PIYUSH GOYAL – CANADA

કેન્દ્રીય ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ આવતીકાલથી ભારતીય વ્યાપારી નેતાઓના પ્રતિનિધિમંડળ સાથે કેનેડાની ત્રણ દિવસની મુલાકાતે રવાના થશે. વાણિજ્ય મંત્રાલયે જણાવ્યું કે શ્રી ગોયલ વેપાર, રોકાણ અને ભારત-કેનેડા વ્યાપક

આર્થિક ભાગીદારી કરાર (CEPA) પર ચાલી રહેલી વાટાઘાટોને આગળ વધારવા માટે ઓટાવા અને ટોરોન્ટોમાં દ્વિપક્ષીય બેઠકો કરશે.

આ કરાર માટેની શરતો અને નિયમો આ વર્ષે માર્ચમાં પ્રધાનમંત્રી માર્ક કાર્નીની ભારત મુલાકાત દરમિયાન નક્કી કરવામાં આવ્યા હતા. વાટાઘાટોનો પ્રથમ તબક્કો માર્ચમાં વર્ચ્યુઅલ રીતે યોજાયો હતો અને બીજો તબક્કો 8 મેના રોજ પૂર્ણ થયો હતો. શ્રી ગોયલની મુલાકાત દરમિયાન ઓટાવામાં વાટાઘાટોનો બીજો તબક્કો યોજાશે.

## GOYAL - AEROSPACE MANUFACTURING

કેન્દ્રીય ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ નવી દિલ્હીમાં ધ બોઇંગ કંપનીના વૈશ્વિક લોક નીતિ અને વેપાર રણનીતિના કાર્યકારી ઉપપ્રમુખ જેફ શોકી સાથે મુલાકાત કરી હતી.

શ્રી ગોયલે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે, બેઠક દરમિયાન બંને પક્ષોએ ઉડ્ડયન અને એરોસ્પેસ ઉત્પાદન ક્ષેત્રોમાં ભારત-અમેરિકા સહયોગને આગળ વધારવાના અંગે ચર્ચા કરી હતી. તેમણે કહ્યું કે બેઠકમાં જાળવણી, સમારકામ અને કુશળતા, સપ્લાય ચેઇન, નવીનતા અને વિશ્વસનીય વૈશ્વિક ઉત્પાદન અને એન્જિનિયરિંગ કેન્દ્ર તરીકે ભારતની ભૂમિકા વધારવા પર પણ ચર્ચા કરવામાં આવી હતી.

# JAPAN EDUCATION

શિક્ષણ મંત્રાલય હેઠળના શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ (DoSEL) એ ગઈકાલે નવી દિલ્હીમાં સાકુરા વિજ્ઞાન કાર્યક્રમ 2026માં ભાગ લેનારા વિદ્યાર્થીઓના એક જૂથને લીલી ઝંડી આપી હતી. શિક્ષણ મંત્રાલયે જણાવ્યું કે 15 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની સરકારી શાળાઓના 24 યુવકો અને 32 યુવતીઓ સહિત 56 શાળાના વિદ્યાર્થીઓ અને ભારતના 4 સુપરવાઇઝર આ મહિનાની 30મી તારીખ સુધી જાપાનની મુલાકાતે રહેશે.

આ વિદ્યાર્થીઓ આસામ, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ, ગોવા, ગુજરાત, હરિયાણા, ઝારખંડ, કર્ણાટક, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઓડિશા, પંજાબ, રાજસ્થાન, તમિલનાડુ, તેલંગાણા અને પશ્ચિમ બંગાળના છે. ભારત ઘાના, નાઇજીરીયા અને દક્ષિણ આફ્રિકાના સહભાગીઓ સાથે ભાગ લેશે.

મંત્રાલયે જણાવ્યું હતું કે સહભાગીઓ સરકારની રાષ્ટ્રીય માધ્યમ કમ મેરિટ શિષ્યવૃત્તિ યોજના હેઠળ શિષ્યવૃત્તિ મેળવનારા છે. ભારત એપ્રિલ 2016થી આ કાર્યક્રમમાં ભાગ લઈ રહ્યું છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે જાપાન એશિયા યુથ એક્સચેન્જ પ્રોગ્રામ, સાકુરા સાયન્સ કાર્યક્રમ હેઠળ, વિદ્યાર્થીઓને દેશના અદ્યતન વિજ્ઞાન અને ટેકનોલોજી ઇકોસિસ્ટમ અને તેના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાનો અનુભવ કરવા માટે એક અઠવાડિયા માટે જાપાનમાં આમંત્રિત કરવામાં આવે છે.

# VB-G RAM G DRAFT RULES

સરકારે વ્યાપક જાહેર પરામર્શ માટે વિકસિત ભારત VB-G RAM G અધિનિયમ, 2025 હેઠળ મુસદ્દા નિયમો પ્રકાશિત કર્યા છે. ગ્રામીણ વિકાસ મંત્રાલયે જણાવ્યું કે, કોઈપણ વ્યક્તિ, હિસ્સેદાર, સંગઠન અથવા સંસ્થા 21મી જૂન સુધીમાં મુસદ્દા નિયમો પર વાંધો અથવા સૂચનો રજૂ કરી શકે છે.

સાંભળીએ આ અંગે એક અહેવાલ......

VC- AKSHIT

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# TCS CHARGE SHEET

TCS સુવિધા સંબંધિત જાતીય સતામણી અને ધર્માંતરણ કેસના સંદર્ભમાં મહારાષ્ટ્રની નાસિક અદાલતમાં 1500 પાનાની ચાર્જશીટ સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમે દાખલ કરી છે.

તપાસ ટીમના વડા સંદીપ મિટકાએ જણાવ્યું કે ગઈકાલે ચાર આરોપીઓ: મતીન પટેલ, નિદા ખાન, દાનિશ શેખ અને તૌસિફ અત્તાર સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. તેમણે ઉમેર્યું હતું કે આગામી થોડા દિવસોમાં આ કેસમાં સાતથી આઠ અન્ય આરોપીઓ સામે વધારાની ચાર્જશીટ દાખલ થવાની શક્યતા છે.

પોલીસે જણાવ્યું હતું કે આ કેસમાં પહેલો કેસ 25 માર્ચે દેવલાલી કેમ્પ પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવ્યો હતો. નિદા ખાન સામે બે કેસ દાખલ કરવામાં આવ્યા છે, અને અન્ય આરોપીઓ સામે છથી નવ કેસ દાખલ કરવામાં આવ્યા છે.

# NIGERIAN NATIONALS

મહારાષ્ટ્રના થાણે જિલ્લાના ડોમ્બિવલીમાં સાત મહિલાઓ સહિત કુલ 24 નાઇજીરીયન નાગરિકોની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, ખોની પલાવા વિસ્તારમાં આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પોલીસને માહિતી મળી હતી કે કેટલાક વિદેશી નાગરિકો આ વિસ્તારમાં ગેરકાયદેસર રીતે રહેતા હતા.

અટકાયત કરાયેલા લોકોમાં 13 પુરુષો, સાત મહિલાઓ, ત્રણ સગીર છોકરાઓ અને એક સગીર છોકરીનો સમાવેશ થાય છે.

# US – GREEN CARD

અમેરિકામાં સાંસદો અને ઇમિગ્રેશન અધિકાર કાર્યકરોએ ટ્રમ્પ વહીવટીતંત્રની નવી ગ્રીન કાર્ડ નીતિની આકરી ટીકા કરી છે.

આ નીતિ હેઠળ ગ્રીન કાર્ડ માટે અરજદારોએ તેમના વતનથી અરજી કરવી પડશે. ડેમોક્રેટિક સાંસદોએ આ નિર્ણયને ખોટો ગણાવ્યો છે અને કહ્યું કે તેઓ યુએસ સિટીઝનશિપ એન્ડ ઇમિગ્રેશન સર્વિસીસ - USCIS ના નિર્ણય સામે શક્ય તેટલા પગલાં લેશે અને તેને રદ કરવાની માંગ કરશે.

USCIS એ હજુ સુધી સ્પષ્ટ કર્યું નથી કે આ નીતિમાંથી કોને મુક્તિ આપવામાં આવશે. એજન્સીએ સંકેત આપ્યો છે કે આ નિયમ આશ્રય શોધનારાઓને લાગુ પડી શકશે નહીં. હજુ સુધી સ્પષ્ટ નથી કે આ મુક્તિ H-1B વિઝા પર કામ કરતા વિદેશી કામદારોને પણ લાગુ પડશે કે નહીં. હાલમાં, USCIS એ જણાવ્યું કે ગ્રીન કાર્ડ ફક્ત અપવાદરૂપ પરિસ્થિતિઓમાં દેશની અંદર રહેતા લોકોને જ આપવામાં આવશે.

# TRUMP IRAN

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું કે ઇઝરાયલ અને આ ક્ષેત્રના અન્ય સહયોગીઓ સાથે વાતચીત કર્યા પછી, હોર્મુંઝ સમુદ્રધુની ખોલવા સહિત ઇરાન સાથેના સોદા પર મોટાભાગે વાટાઘાટો કરવામાં આવી છે.

સાંભળીએ એક અહેવાલ..

## VC-CHANDRA-SHEKHAR

# IPL

IPL ક્રિકેટમાં, કેપ્ટન શ્રેયસ ઐયરના અણનમ ૧૦૧ રનની મદદથી, પંજાબ કિંગ્સે ગઈકાલે રાત્રે લખનૌના એકાના ક્રિકેટ સ્ટેડિયમ ખાતે લખનૌ સુપર જાયન્ટ્સને ૭ વિકેટે હરાવ્યું. લખનૌ સુપર જાયન્ટ્સ દ્વારા આપવામાં આવેલા ૧૯૭ રનના લક્ષ્યાંકનો પીછો કરતા, પંજાબ કિંગ્સે ૧૮ ઓવરમાં ૩ વિકેટે ૨૦૦ રન બનાવ્યા.

IPL ક્રિકેટમાં આજે બે મેચ રમાશે. પ્રથમ મેચમાં, મુંબઈ ઈન્ડિયન્સ બપોરે મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે રાજસ્થાન રોયલ્સ સામે ટકરાશે.

જ્યારે બીજી મેચમાં, કોલકાતા નાઈટ રાઈડર્સ કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે દિલ્હી કેપિટલ્સ સામે ટકરાશે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

1. આજના મોટાભાગના અખબારોમાં પેટ્રોલ – ડિઝલના ભાવ વધારા અંગેના સમાચાર હેડલાઇનમાં વાંચવા મળી રહ્યા છે.
2. ગુજરાત સમાચારની હેડલાઇન છે – બિલ્લિ પગે આવતી મોંઘવારી: પેટ્રોલમાં 87, ડીઝલમાં 91 પૈસાનો વધારો
3. સંદેશ લખે છે – પેટ્રોલ – ડિઝલ ફરી મોંઘા થયા:10 દિવસમાં ત્રીજો ભાવ વધારો
4. ફૂલછાબનું મુખ્યશીર્ષક છે – મોંઘવારીનો ડોઝ - પેટ્રોલ, ડિઝલ, સીએનજીમાં ભાવ વધારો

---------------------------------------------------